# કથ્થક પર્ફોર્મન્સમાં જોવા મળી લાક્ષણિક મુદ્રાઓ



## પદ્મશ્રી સુનૈનાનાં પર્ફોર્મન્સને આઇઆઇટી જીએનના સ્ટુડન્ટ્સે મન ભરીને માણ્યું

**અમદાવાદ : ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૫**

પહેલાંના સમયમાં રામાયણ, મહાભારત જેવી પૌરાણિક કથાઓને લિરિકલ અને મ્યુઝિકલ ફોર્મમાં ભજવવામાં આવતી ત્યાર બાદ તેને ડાન્સમાં ફોર્મમાં ઇન્ટ્રોડ્યૂસ કરવામાં આવી, જે આજે 'કથ્થક' તરીકે ઓળખાય છે. ઇન્ડિયન ક્લાસિકલ મ્યુઝિક, ફોક મ્યુઝિક તેમજ ઇન્ડિયાની પારંપરિક સંસ્કૃતિને જાળવી રાખવા માટે તેમજ યંગ જનરેશનને ઇન્ડિયન ક્લાસિકલ મ્યુઝિક, ડાન્સ જેવી બાબતોથી માહિતગાર કરવા માટે દર વર્ષે 'સ્પીક મેકે' દેશના જાણીતા કલાકારોને આમંત્રિત કરે છે. આ વર્ષે આઇ.આઇ.ટી ગાંધીનગર ખાતે પદ્મશ્રી સુનૈના હજારીલાલ તેમજ તેમના શિષ્ય શીતલ માવલંકર તેમજ શાહબાદ દ્વારા કથ્થક ડાન્સનું પર્ફોર્મન્સ યોજવામાં આવ્યું. મૂળ ગુજરાતી એવા પદ્મશ્રી સુનૈના હજારીલાલ છેલ્લા ૪૦ વર્ષથી કથ્થક ડાન્સ પર્ફોર્મ કરી રહ્યા છે અને કથ્થકની તાલીમ તેમને તેમના પતિ હજારીલાલે આપી હતી અને સુનૈનાજી તેમના પતિને પોતાના ગુરુ માને છે.